हिंदुस्ताननी भूगोळनो

પ્રશ્નોત્તર રૂપે સાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચોકસી નારણલાલ હીરાચંદ

આવૃત્તિ બીજી.

નડીઆદ

સત્યવક્તા પ્રેસ

સને ૧૮૯૦—સંવત ૧૯૪૬

કિંમત ૦-૧-૬

हिंदुस्ताननी भूगोळनो

પ્રશ્નોત્તર રૂપે સાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચોકસી નારણલાલ હીરાચંદ

નડીઆદ

સત્યવકતા પ્રેસ

સને ૧૮૯૦—સંવત ૧૯૪૫

કિંમત ૦-૧-૬

૪૪૭૪

हिंदुस्तानना भूगोळनो प्रश्नोतर रुपे सार.

પ્ર૦ હિંદુસ્તાન દેશ કયાં છે અને તેનો આકાર કેવો છે?

ઉ૦ એ દેશ એશિઆખંડની દક્ષિણ દિશાએ છે. અને એ ત્રિકોણાકારે દ્વિપકલ્પને મળતો છે.

પ્ર૦ હિંદુસ્તાનનુ બીજુ નામ શું અને તે નામ શાથી પડયું !

ઉ૦ એ દેશનું બીજુ નામ ભરતખંડ, તે કોઇ ભરત કરીને રાજા થઇ ગયો તે ઉપરથી તે નામ પડયું છે.

પ્ર૦ હિંદુસ્તાનની ચારે દિશાનીહદમાં શું શું આવેલું છે?

ઉ૦ એ દેશની ઉત્તરે હિમાલય પર્વતછે, તથા તેની પેલી તરફ ટિબેટ દેશ આવેલો છે. પશ્ચિમે અફગાનીસ્તાન દેશ તથા આરબી સમુદ્ર આવેલાંછે દક્ષિણ દિશાએ હિંદી મહાસાગરછે અને પૂર્વે બંગાળાનો ઉપસાગર તથા તેની પેલી તરફ બ્રહ્મદેશ છે.

પ્ર૦ હિંદુસ્તાન દેશનો કેટલા ભાગછે અને તે દરેકનાં નામ શાં?

ઉ૦ એના ૧૪ ભાગ છે તે દરેકનાં નામ નીચે પ્રમાણે.

૧ મુંબાઇ ઈલાકો ૨ મદ્રાસઇલાકો ૩ મહીસુર અને કુર્ગનાંસંસ્થાનો ૪ વરાડ સહીત હૈદ્રાબાદ સંસ્થાન ૫ મધ્યપ્રાંતો ૬ મધ્યહિંદ એજન્સીનાં સંસ્થાનો ૭ રજપુતસંસ્થાનો ૮ પંજાબ પ્રાંત ૯ વાવ્ય પ્રાંતો ૧૦ અયોધ્યા પ્રાંત ૧૧ બંગાળાપ્રાંત ૧૨ આશામનો મુલક ૧૩ નેપાળ, ભુતાન અને બીજાં સ્વતંત્ર પહાડીસંસ્થાનો ૧૪ ભરતખંડ માંહેલા પોર્તુગીજ અને ફ્રેંચ લોકોનાં સંસ્થાનો.

પ્ર૦ હિંદુસ્તાન દેશની ચારે દીશાના ખુણાની હદ પર શું શું આવેલું છે?

ઉ૦ વાવ્યખુણાની હદપર સુલેમાન પહાડો તથા મોટી સિંધુ નદી છે ઈશાનખુણાની હદપર હીંદી મહાસાગર આવેલો છે.

પ્ર૦ હિંદુસ્તાનના બે ભાગ કયા છે?

ઉ૦ [૧] ઉત્તર હિંદુસ્તાન (૨) દક્ષિણ હિંદુસ્તાન.

પ્ર૦ હિંદુસ્તાનની ઉત્તરનો ટિબેટ દેશ હિંદુસ્તાનથી શાથી જુદો પડે છે?

ઉ૦ હિમાલય પર્વતથી જુદો પડે છે.

પ્ર૦ અફ્ગાનીસ્તાન હિંદુસ્તાનથી શાથી જુદો પડે છે?

ઉ૦ સુલેમાન પર્વત તથા સીંધુ નદીથી જુદો પડે છે.

પ્ર૦ હિંદુસ્તાનના કેટલા પ્રાંત થઇ શકે છે અને તેનું વર્ણન કરો?

ઉ૦ એના છ ભાગ થઇ શકે છે. ૧ હીમાલયની ટળેટીનો પ્રદેશ ૨ સીંધુ નદીનો પ્રદેશ, ૩ રેતીનું રણ, ૪ મધ્યહિંદુસ્તાન તથા રજપુત સંસ્થાનનો થોડો ઉંચો પ્રદેશ ૫ ગંગાનો રશાળપ્રદેશ, ૬ બ્રહ્મપુત્રાનો પ્રદેશ.

પ્ર૦ હિંદુસ્તાનની પુર્વ તરફનો બ્રહ્મદેશ શાથી જુદો પડે છે!

ઉ૦ આસામના પહાડ તથા બંગાળાના ઉપસાગરથી જુદો પડે છે.

પ્ર૦ હિંદુસ્તાનના કેટલા ભાગ કર્યા છે અને તેનાં નામ શાં?

ઉ૦ એના ત્રણ ભાગછે. ૧ ઉત્તરહિંદુસ્તાન, ૨ મધ્યહિદુંસ્તાન, ૩ દક્ષિણ હિંદુસ્તાન.

પ્ર૦ એ ત્રણે ભાગ કોની કોની વચે છે?

ઉ૦ ઊત્તર હિંદુસતન હીમાલય પર્વત તથા સીવાલીક પહાડ વચે છે. મધ્ય હિંદુસ્તા સીવાલીક પહાડ તથા નર્મદા નદી વચેછે. ને દક્ષિણહિંદુસ્તાન નર્મદા નદીની દક્ષિણ તરફનો જે બધો ભાગ તે.

પ્ર૦ ઊતર હિંદુસ્તાનમાં કયા કયા પ્રાંતો આવેલા છે.

ઊ૦ કાશ્મીર, નેપાળ ને ભુતાન.
પ્ર૦ કાશ્મીર, નેપાળ ને ભુતાનની રાજધાની બોલો.
ઉ૦ કાશ્મીરની રાજધાની શ્રીનગર, નેપાળની ખટમંડુ અને ભૂતાનની રાજધાની ટાસીસ્યુડન.
પ્ર૦ ઊતર હિંદુસ્તાનથી દક્ષિણે જતાં કયું હિંદુસ્તાન આવે.
ઊ૦ મધ્ય હિંદુસ્તાન.
પ્ર૦ મધ્ય હિંદુસ્તાનમાં આવેલા પ્રાંતો બોલો?
ઉ૦ બંગાળા, બહાર, અલ્લહાબાદ, અયોધ્યા, દિલ્લી, આગ્રા, પંજાબ, મુલતાન, રજપુત સંસ્થાન, માળવા, કચ્છ, અને સિંધ.
પ્ર૦ ઉપલા પ્રાંતોની રાજધાની અથવા મોટાં શેહેરો બોલો?
ઊ૦ બંગાળાની રાજધાની કલકતા, બહારની પટણા ને માંગીર, અલહાબાદની પ્રાગ, અયોધ્યાની લખનોર, દિલ્લીની દિલ્લી, મીરત, અને સરહીંદ. આગ્રાની આગ્રા. પંજાબની લાહોર મુલતાનની મુલતાન. રજપુતસ્થાનની અજમેર. જેપુર ને ઉદેપુર ને માળવાની ઉજન ને ઇંદોર. ગુજરાતની અમદાવાદ. કચ્છની ભુજ. ને સીંધની હૈદરાબાદ ને કરાંચી.
પ્ર૦ દક્ષિણ હિંદુસ્તાનમાં મુખ્ય પર્વત કયા કયા છે?
ઉ૦ પશ્ચિમઘાટ અથવા સીંહાદ્રી, પૂર્વઘાટ, સાતપુડા, વીંધ્યાચળ.
પ્ર૦ હિંદુસ્તાનની રાજધાનીનું શેહેર કયું અને તે કઇ નદી ઉપર છે
ઉ૦ મુખ્ય શેહેર કલકત્તા એ હુગલીનદીને કીનારે બંગાળા ઇલાકામાંછે
પ્ર૦ મધ્ય હિંદુસ્તાનથી દક્ષિણે જતાં કયુ હિંદુસ્તાન આવે છે અને તે શાથી ઓળખાય છે.
ઉ૦ દક્ષિણ હિંદુસ્તાન એને દિકણ કે દક્ષિણ કહે છે. અથવા દક્ષિણ દેશ

કહેછે. તેથી

પ્ર૦ દક્ષિણ હિંદુસ્તાનમાં કયા કયા પ્રાંતો આવેલા છે?

ઉ૦ ઓઢીઆ, મહારાષ્ટ, નીઝામનું રાજ્ય, મૈસુર, ઉત્તર સરકાર, મલબાર, ત્રાવણકોર, ને કર્ણાટક.

પ્ર૦ એ પ્રાંતની રાજધાની કઇ ને તેનાં મુખ્ય શેહેર કયાં છે?

ઉ૦ મહારાષ્ટની રાજધાની પુના. નીઝામની હૈદરાબાદ, ઓઢીઆની કટક, ઉત્તરસરકારની મછલીપટણ, મૈસુરની સીરંગપટણ. મલબારની કાનાનુર. ત્રાવણકોરની ત્રીવણદ્રમ ને કર્ણાટકની આરકાટ છે.

પ્ર૦ કર્ણાટક ને ઉત્તરસરકારના મુલક કયાંથી ને કયાં સુધી છે?

ઉ૦ કેપકન્યા કુમારીથી તે કૃષ્ણાનદી સુધીનો મુલક તે કર્ણાટકનો. અને કૃષ્ણાનદીથી તે ઓઢીઆ સુધીનો મુલક તે ઉત્તરસરકારનો મુલક.

પ્ર૦ હિંદુસ્તાન દેશના રાજકીય ભાગ કેટલા છે અને તે દરેકને શું કહે છે

ઉ૦ રાજકીય ભાગ અસલતો ચાર હતા પણ હાલતો પાંચ થયાછે ને તે દરેકને ઇલાકો કહેછે.

પ્ર૦ હિંદુસ્તાનના પાંચ ઇલાકાનાં નામ શાં?

ઉ૦ ૧ બંગાળા ઇલાકો. ૨ આગ્રા ઇલાકો. ૩ પંજાબ ઇલાકો. ૪ મુંબઇ ઇલાકો. ૫ મદ્રાસ ઈલાકો.

બંગાળા ઇલાકો

પ્ર૦ બંગાળા ઇલાકો કઇ તરફ આવેલો છે અને કયાકયા પ્રાંતો આવેલા છે

ઉ૦ બંગાળા ઇલાકો ગંગા તથા બ્રહ્મપુત્રા નદી તરફનો એમાં બંગાળા, બહાર, ઓઢીઆ, આશામ આરાકાન, પેગુ, મારટાબાન વીગરે પ્રાંતો

આવેલા છે.

પ્ર૦ બંગાળા ઇલાકાની ચારે દીશાએ શું શું આવેલું છે?

ઉ૦ ઉતરે નેપાળ ને ભૂતાન છે પશ્ચીમે મધ્ય તથા વાવ્ય ખુણાના પ્રાંતો, ને આગ્રા ઇલાકાનો ભાગ, દક્ષિણે બંગાળાનો ઊપસાગર, ને ઓઢીઆ તથા બ્રમદેશ છે.

પ્ર૦ બંગાળા ઇલાકાનો વીસ્તાર તથા ક્ષેત્રફળ તથા વસ્તી કેટલી?

ઉ૦ ક્ષેત્રફળ આશરે ૨૮૦૨૦૦ ચોરસ માઇલ છે ને વસ્તી આશરે પાંચ કરોડ છે.

પ્ર૦ બંગાળા ઇલાકામાં મુખ્ય શેહેર કયાં કયાં આવેલાં છે?

ઉ૦ કલકત્તા મુર્સીદાબાદ, ઢાકા, બર્દ્ધવાન, બેહેરામપુર, ચીતાગાંગ શીરામપુર, ચંદ્રનગર દાર્જીલીંગ બાહાર, પટણા, માંગીર, ભાગલપુર, રાજમહાલ, ગયાજી, બકસ રકટક, બાલાસુર, ચીનાપુર, જગનનાથ આશામ, આરાકાન, રંગુન, માર્ટાબાન.

પ્ર૦ બંગાળા ઇલાકામાં કઇ કઇ નદીઓ આવેલી છે?

ઉ૦ ગંગા, ઘોઘરા, સોન, હુંગલી, ગંદકી, કુસી, દામોદરા, ભાગેરથી, બ્રમપુત્રા, સુરમા, મહાવૈતરણી, બ્રંમણી.

પ્ર૦ બંગાળા ઇલાકાથી વાવ્ય દીશા તરફ કયો ઇલાકો આવેલો છે?

ઉ૦ આગ્રા ઇલાકો આવેલો છે.

પ્ર૦ ઓઢીઆ પ્રાંતમાં જાત્રાનુ મુખ્ય ધામ કયુ છે.

ઉ૦ જગનન્નાથપુરી.

પ્ર૦ બહાર પ્રાંતમાં ગયાજી શા માટે પ્રખ્યાત છે.

ઉ૦ શ્રાધ સારેછે (પોતાના પીતાનું.)

આગ્રા ઇલાકો

પ્ર૦ આગ્રા ઈલાકાની ચારે દીશાએ શું શું આવેલું છે.

ઉ૦ ઊતરે નેપાળ તથા હીમાલયનો કંઈ ભાગ, પશ્ચિમે રજપુતસંસ્થાન તથા પંજાબ ઈલાકો, દક્ષિણે બુંદેલખંડ તથા રેવા વીગેરે પ્રાંતો અને પુર્વે બંગાળા ઇલાકો છે.

પ્ર૦ આગ્રા ઇલાકામાં કયા કયા પ્રાંતો આવેલા છે.

ઉ૦ આગરા, પ્રયાગ, અયોધ્યા.

પ્ર૦ આગ્રા ઇલાકામાં મુખ્ય શેહેર કયાં કયાં આવેલાં છે.

ઉ૦ કાસી, આગ્રા, પ્રયાગ, મીરજાપુર, ચુનારગઢ, કલીંજર, કાનપુર, લખનોર, જુવાનપુર, કનોજ, ગ્વાલીયર, કાલ્પી, ફૈજાબાદ, હરદ્વાર સહાજાનપુર.

પ્ર૦ કાસી પ્રયાગ, હરદ્વાર, એશેહેર શાને માટે પ્રખ્યાત છે.

ઉ૦ હીંદુઓનાં મોટાં તીર્થોનાં ઠેકાણાં છે માટે.

પ્ર૦ આગ્રા ઇલાકામાં કઇ કઇ નદીઓ આવેલી છે.

ઉ૦ ગંગા. જમના, ગોમતી, ઘાઘરા, ચંબલ, વીગેરે.

પ્ર૦ આગ્રા ઇલાકાનું ક્ષેત્રફળ કેટલું ને વસ્તી કેટલી છે.

ઉ૦ એ ઇલાકાનું ક્ષેત્રફળ આસરે ૧ લાખ ૪૦ હજાર ચોરસ માઇલ છે ને વસ્તી આસરે ૩॥ કરોડની છે.

પંજાબ ઇલાકો

પ્ર૦ પંજાબ ઇલાકો કયાં છે અને તેનું નામ પંજાબ શાથી પડયુ.

ઉ૦ પંજાબ ઈલાકો પાંચ નદીઓ સતલજ, બીઆ, રાવી, ચીનાબ,

જેલમ,) ઉપર આવેલો છે, અને તે પાંચ નદીઓ ઉપરછે તેથીજ એનુંજ નામ (પંજાબ) પડયુંછે. કેમકે પંચ તે પાંચ અને આબ એટલે પણી એટલે પાંચ નદીનીવચ્ચે આવેલો મુલક તે (પંજાબ.]

પ્ર૦ પંજાબ ઇલાકાની ચારે દીશાની હદ બોલો.

ઉ૦ ઉતરે હીમાલય પર્વત તથા કાશ્મીરનો કંઇ ભાગ, પશ્ચિમે સુલેમાન પાહાડ તથા સિંધુ નદી દક્ષિણે મુંબાઈ ઇલાકો ને પુર્વે સતલજ નદીના કાંઠાના સંસ્થાનો તથા આગ્રા ઇલાકાનો ભાગ.

પ્ર૦ પંજાબ ઈલાકાનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલી છે.

ઉ૦ ક્ષેત્રફળ આશરે ૧૦૦૦૦૦ ચોરસમાઇલ અને વસ્તી આસરે ૧૫ કરોડની છે,

પ્ર૦ પંજાબ ઇલાકામાં મુખ્ય કયા કયા પ્રાંતો આવેલા છે.

ઉ૦ પંજાબ, મુલતાન, સતલજ, નદીનાં કાંઠાનાં સંસ્થાનો અને દિલ્લી

પ્ર૦ પંજાબ ઈલાકામાં મુખ્ય શેહેર કયાં કયાં આવેલાં છે.

ઉ૦ લાહોર, અમૃતસર, પેશાવર, દીલ્લી, મુલતાન, અટક, રાવળપીંડી, ભાવલપુર, પાણીપત, લુધીઆણા, રાયબરેલી, સરહીંદ, મીરત, શહારપોર, ગુજરાત, અંબાલા, પંત્યાળા, ફીરોજપુર. જલંધર, કાશ્મીર. જેલમ.

પ્ર૦ પંજાબ ઇલાકામાં મુખ્ય નદીઓ કઈ કઇ આવેલી છે.

ઉ૦ એમાં મુખ્ય નદીઓ સિંધુ, સતલજ, બીયા, રાવી, ચીનાબ, જેલમ વીગેરે.

પ્ર૦ સિંધુ નદીનું બીજુ નામ શું.

ઉ૦ એનું બીજુ નામ અટક નદી કેમકે એ નદીના મુળ આગળ અટક સેહેર છે વળી એ નદીથી પશ્ચિમ તરફ જતાં હિંદુઓને ધર્મનો

અટકાવછે. તથા અહીઆંથી હીંદુસ્તાનની પશ્ચિમ તરફની હદ પુરી થાય છે. તેથી એનુ નામ અટક પડયુ છે.

પ્ર૦ પંજનબઇલાકાની પાસે ગંગાતથા જમના નદી વચ્ચેકયો પ્રાંતઆવેલોછે

ઉ૦ દુઆબ પ્રાંત.

પ્ર૦ દુઆબ પ્રાંત કયાં છે ને તે નામ શાથી પડયુ.

ઉ૦ એ પ્રાંત આગ્રા ઇલાકામાં છે અને તે ગંગા તથા જમના નદી વચ્ચે આવેલો છે તેથી એનુ નામ દુઆબ પડયું છે કેમકે દુ તે બે ને આબ તે પાણી એટલે બ નદી વચ્ચે આવેલોમુલક તે.

પ્ર૦ દુઆબ પ્રાંતના કેટલા ભાગ થયેલા છે અને તે કયા કયા.

ઉ૦ એના પાંચ ભાગ થયેલા છે જાલંધર દુઆબ, બારી દુઆબ, રચના દુઆબ, જેચદુઆબ, નેસીંધસાગર દુઆબ.

પ્ર૦ એ પાંચે દુઆબ કઇ કઇ નદી વચ્ચે છે.

ઉ૦ જાલંધર દુઆબ. સતલજ, અને બીઆ, નદીની વચે આવેલો છે. છે. બારીદુઆબ, ધારા ને રાવી નદીની વચ્ચે છે રચના દુઆબ રાવી ને ચીનાબની વચ્ચે છે, જેચદુઆબ ચીનાબનેજેલમની વચેછે તથા સીંધસાગર દુઆબ જેલમ તથા સીંધુનદીની વચ્ચે છે.

પ્ર૦ ધારાનદીનુ નામ ધારા શાથીપાડેલુછે. અને તેના ઉપર મુખ્ય કયાં શેહેર આવેલાં છે.

ઉ૦ સતલજ ને બીઆ નદીનો સંગમ થઇને આગળજે પ્રવાહ આવેલો છે તેનું નામ ધારાનદી પડયુંછેધારા ઉપર જલાલપુર, ભાવલપુર મુબારકપુર, અને ફીરોજપુર શેહેરો છે.

મુંબઇ ઇલાકો

પ્ર૦ મુંબઇ ઈલાકાની ચારે દીશાની હદ લખો.

ઉ૦ ઊતરે શીરોઈ,મારવાડ, તથા ગાયકવાડ ને હોલકરનો મુલક; પશ્ચિમે ખંભાતનો અખાત આરબીસમુદ્ર અને ગાયકવાડનો મુલક, દક્ષિણે ફીરંગી લોકોનો ગોવાપ્રાંત ને મદ્રાસ ઇલાકનો ભાગ, અને પુર્વે માળવા, વરાડ ને મદ્રાસ ઈલાકાનો કંઈ ભાગ.

પ્ર૦ મુંબઈ ઇલાકાનું ક્ષેત્રફળ ને વસ્તી કેટલી તે કહો,

ઉ૦ ક્ષેત્રફળ આશરે ૩૮૧૦૦ ચોરસમાઈલ નેવસ્તી આશરે ૧ કરોડ ૬૪ લાખની છે.

પ્ર૦ મુંબઇ ઈલાકાના કેટલા ભાગ થએલા છે તે કહો.

ઉ૦ પાંચ ભાગ થએલા છે સીધપ્રાંત કચ્છપ્રાંત ગુજરાતપ્રાંત, ઉતર મહારાષ્ટ ને દક્ષિણ મહારાષ્ટ.

પ્ર૦ એ ઇલાકામાં ઉતર મહારાષ્ટના કેટલા ભાગ અને તે શા કારણથી થયેલા છે અને તે દરેકને શું કહેછે અને તેમાં કયા લોકોવસે છે.

ઉ૦ સીહાદ્રિ પરવત વચમાં આવવાથી ઊત્તર મહારાષ્ટના બે ભાગ થએલા છે તેમાં પશ્ચીમ તરફનાને કોકણ કહેછે. અને તેમાં કુંકણી લોક વસે છે અને પુર્વતરફના ભાગને દક્ષિણ કહેછે. દક્ષિણી ને મરેઠા લોક વસેછે.

પ્ર૦ મુબાઇ ઇલાકામાં કયા જીલ્લા આવેલા છે.

ઉ૦ શીકારપુર, હૈદરાબાદ કરાંચી, અમદાવાદ, પંચમહાલ,ખેડા, ભરુચ, સુરત, થાણા, ખાનદેશ, અહમદનગર, નાસીક, પુના, સતારા,સોલાપુર,ધારવાડ, બેલગામ,કલાદગી, કાનડા. રત્નાગીરિ, ને કોલાબા.

પ્ર. એ જીલ્લાના તથા બીજા એ સીવાય મોટાંશેહેરો મુંબાઇ ઈલાકામાં હોય તેનાં નામ દો.

ઉ. શીકારપુર, હૈદરાબાદ, કરાંચી, ગોધરા, અમદાવાદ, ખેડા, ભરૂચ સુરત, થાણા, ધુળીઆ, અમહદનગર, નાશીક, પુના, સતારા, સોલાપુર, બેલગામ, ધારાવાડ, કલાદગી, હોનાવર, રત્નાગીરી, ને કોલાબા. ઉપલા જીલ્લાનાં મુખ્યશેહેરો, એ સીવાય ખૈરપુર, ભુજ, માંડવી, નવાનગર, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, ખંભાત, વડોદરા, માલેગામ, કોલાપુર, સાવંતવાડી, ગોવા, વીગરે.

પ્ર૦ મુંબાઇઈલાકા માં પંચમહાલ જીલ્લો કયાં છે અને તેનું નામ પંચમહાલ શાથી પડયું.

ઉ૦ એ જીલ્લોગુજરાતની પુર્વે ખેડા જીલ્લાને લગતોછે. એમાં ગોધરા, હાલોલ, કાલોલ, દાહોદ, ઝાલોદ, એવા પાંચમહાલ આવેલાછે, તેથી એનું નામ પંચમહાલ પડયુ છે.

પ્ર૦ મુંબાઇ ઈલાકાનું મુખ્ય શેહેર કયું અને તે કયાં છે તથા તેમાં કેટલા અને કેવાં માણસની વસ્તી છે.

ઉ. એ ઇલાકાનું મુખ્ય શેહેર મુંબાઈ [મુંબાઇ બેટમાં] તે દક્ષિણમાં કોકણપટીના કીનારા આગળ બેટમાં આવ્યું છે અને તેમાં આશરે ૮૨૫૦૦૦ માણસની વસ્તી છે. અને તેમાં પારશી, હીંદુ, ભાટીઆ, ને ખોજા ઘણા પઇસાદાર છે.

પ્ર૦ મુંબાઇ શેહેર કેવું છે અને એવી બીજી જાણવાજોગ હકીકત લખો.

ઉ૦ મુંબાઇ શેહેર એ ઘણું શોભીતું ને જોવા લાયક અને વેપારનું મોટું બંદર છે એમાં વીલાયત વીગેરે બહાર દેશાવરથી ઘણી જાત જાતનાં યંત્રો; તેમજ કાપડ, ચીનીખાનું, રેશમ, કરીઆણું, ની-

ગેરે પુષ્કળ માલ આવે છે. અહીંઆંના ઘરોની બાંધણી ઊંચી ને સરસ છે જમીનપથ્થરની છે. તેથી પાંણી આગળ તો કંઇ સારાં નહોતાં, પણ હાલ કેટલીક મુદત થયાં દુરથી તલાવમાં નળો મુકી પાણી લાવેલા છે તેથી હાલ તે નીરોગી થઇ ગયાં છે. મુંબાઇ ઇલાકાનું મુખ્ય શેહેર મુંબાઇ તેથી સઉથી મોટા દરજ્જાની ઇનસાફની કચેરી અહીંઆં છે, એ ઈલાકાના ઊપરી અધીકારી ગવરનર સાહેબ પણ અહીંઆં રહેછે ને હિંદુસ્તાનમાં સૌથી મોટું શેહેર એ છે.

પ્ર૦ મુંબાઈ બેટ ઇંગ્રેજને કયારે અને કોની પાસેથી મળયો.

ઉ૦ સને ૧૭૬૧ માં ઇંગલાંડ દેશનો બીજો ચાર્લસ રાજા પોરતુગીજ લોકોની કેથેરાઇન કંન્યાને તે પરણ્યો, તેની પેહેરામણીમાં પોર્તુગીજ પાસેથી મળયો.

પ્ર૦ મુંબાઈ ઇલાકામાં વેપારનાં બંદરો કયાં આવેલાં છે.

ઉ૦ વીજયદુર્ગ, મુંબાઇ, વસઇ, સુરત, ભરૂચ, ખંભાત, ઘોળેરા, ભાવનગર, પોરબંદર, માંડવી ને કરાંચી વીગેરે.

પ્ર૦ મુંબાઈ ઇલાકામાં મુખ્ય કયા પર્વતો આવેલા છે.

ઉ૦ સીંહાદ્રિ ને સાતપુડો એ બે મોટા પર્વત છે.

પ્ર૦ મુંબાઇ ઈલાકામાં મોટી નદીઓ કઈ આવેલી છે.

ઉ૦ સીંધુ, સાબરમતી, વીશ્વામીત્રી, મહી, ઢાઢર, નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા, ભીમા, વીગેરે.

પ્ર૦ મુંબાઇ ઇલાકામાં સીના ને ભીમા નદી કયા ભાગમાં છે ને તેના ઉપર કયાં શેહેર છે.

ઉ૦ મહારાષ્ટ્રમાં સીના નદી ઉપર અહમદનગર અને ભીમા ઉપર પંઢ

રપૂર જાત્રાનું ઠેકાણું છે.

પ્ર૦ એ ઈલાકામાં ગાયકવાડનું મુખ્ય શેહેર કયું છે અને તે કયાં ને કઈ નદી ઉપર છે

ઉ૦ ગાયકવાડનું મુખ્ય શેહેર વડોદરા ગુજરાતમાં વીશ્વામીત્રી નદી ઉપર છે.

પ્ર૦ મુંબાઇ ઇલાકામાં એજન્સી કઈ કઇ છે.

ઉ૦ એમાં કાઠિઆવાડ, પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા, સુરત, એજન્સી ભીલસંસ્થાનની એજન્સી, અને પેંઠ, જવાર, જંજીરા, સંસ્થાનની એજન્સી સાત છે.

પ્ર૦ એજન્સી એટલે શું અને તે કહો.

ઉ૦ નાનાં સંસ્થાન જેઓ અંગ્રેજી રાજ્યને તાબે રહી ઘણું કરી તેને અથવા ગાયકવાડને ખંડણી આપે છે તેવા સંસ્થાનનો મુલક. એવા કેટલાક સંસ્થાન સામટાં મળીને જે પ્રાંત થાયછે તેને એજન્સી કહેછે.

મદ્રાસ ઇલાકો

પ્ર૦ મદ્રાસ ઈલાકાની ચારે તરફ શું શું આવ્યું છે.

ઉ૦ ઉત્તર તથા વાવ્યદીશા તરફ મુંબાઈ ઇલાકાનો ભાગ છે, ને બાકી બધી દીશા તરફ દરીઓ છે.

પ્ર૦ મદ્રાસ ઇલાકાનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલી છે.

ઉ૦ ક્ષેત્રફળ આશરે ૧૩૦૦૦ ચોરસ માઇલ અને વસ્તી બે કરોડ ને ૩૦ લાખની છે.

પ્ર૦ મદ્રાસ ઇલાકાનાં મુખ્ય શેહેર બોલો

ઉ૦ મદ્રાસ, મછલીપટણ, ચીતોર, ત્રીચીનોપલ્લી, ટાલચરી, ગંજામ, વીસાગાપટણ, રાજમેંદ્રી, ગંતુર, વીજયનગર, પાંનદેચેરી, આર્કાટ, તંજાવર, મધુરા, ત્રાંકવીબાર, વીસાગપટણ, તીનવલ્લી બેલારી, કડયાં, માંગલોર, બાંગલોર, કલ્યાણપુર, કોનકટ, શ્રીરંગપટણ, ત્રીવંનદ્રમ, વીગેરે.

પ્ર૦ મદ્રાસ ઇલાકામાં દેશી રાજ્યો કયાં છે.

ઉ૦ મૈસુર, કોચીન, અને ત્રાવણકોરનું.

પ્ર૦ મદ્રાસ ઇલાકામાં કઈ કઇ નદીઓ છે.

ઉ૦ એમાં ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, તુંગભદ્રા, મોટી નદીઓ છે.

પરચુરણ

પ્ર૦—હીંદુસ્તાનમાં મુખ્ય જાણવા જોગ નદીઓ કઇ છે અને તેના ઉપર મુખ્ય શેહેર કયાં કયાં છે.

ઉ૦ ૧ સીંધુ ઉપર કરાંચી, ઠઠા, હૈદરાબાદ, લારખાના, સકર બકર, મીથનકોટ, દેરાગાજીખાન, દેરાઇસ્માલખાન, કલાબાગ, અટક. ૨ બ્રહ્મપૂત્રા, ઉપર જમાલપુર, ગાવળકાંડા, પાદરંગ, વીશ્વનાથ, ગોરપુર, વીગેરે. ૩ ગંગા ઉપર કાશી, મીરજાપુર, ફરૂકાબાદ, કાનપોર, હરદ્વાર. પટણા, માંગીર, ભાગલપુર, રાજમહાલ, મુરસીદાબાદ. ૪ ગોગરા ઉપર અકબરપુર ને સાલીમપુર. ૫ સોણ ઉપર સહસરામ, દેવરી. ૬ ચંબલ ઉપર ધોળપુર ને કોટા. ૭ જમના ઉપર દીલ્લી, આગ્રા, અલહાબાદ ને ગોકુળ મથુરા. ૮ હુગલી ઉપર કલકતા ને શીરામપુર. ૯ ગોમતી ઉપર લખનોર ને ફૈજા-

બાદ. ૧૦ સતલજ ઉપર લુધીઆણા, ફીલુર અલીપાલ. ૧૧ બી-આસ ઉપર જાલંધર. ૧૨ રાવી ઉપર લાહોર. ૧૩ ચીનાબ ઉ-પર મુલતાનને રામનગર. ૧૪ જેલમ ઉપર જેલમ. કાશ્મીર શ્રી-નગર. ૧૫ સાબરમતી ઉપર અમદાવાદ ને સાદરા. ૧૬ મહી ઉપર ખંભાત ને લુણાવાડા. ૧૭ નર્મદા ઉપર ભરૂચ નાંદોદ, કં-યાળી, મહેસર; જબલપુર, ૧૮ તાપી ઉપર સુરત, રાંદેર, બ્રા-નપુર. ૧૯ મહા નદી ઉપર કટક ને સંબલપુર. ૨૦ ગોદાવરી ઉપર નાશીક, ઔરંગાબાદ પૈઠણ, ને રાજમેહેંદરી ૨૧ કૃષ્ણા ઉ-પર ગંતુર ને હઈદરાબાદ. ૨૨ તુંગભદ્રા ઉપર કર્નુલ, હંશાગઢ. ૨૩ કાવેરીપર ત્રીચીનોપલ્લી ને સીરંગપટણ.

પ્ર० પ્રયાગ, ધાકા, કલકતા, મછલીપટણ સરહીંદ રાવળપીંડી, અમૃતસ-ર, સુરત, મથુરાં એ શેહેરો કઇ કઇ નદીઓ ઉપર આવેલાં છે.

ઉ० ગંગા તથા જમના નદી ઉપર પ્રયાગ, ધાકા, કૃષ્ણાને ગોદાવ-રી નદીના મુખ આગળ મછલીપટણ, જેલમને સીંધુ નદી વચ્ચે રાવળપીંડી તાપી નદી ઉપર સુરત, જુમના નદી ઉપર મથુરાં, હુંગલી નદી ઉપર કલકતા, જમનાંને સતલજ નદી વચ્ચે સર-હીંદ અને બીઆસ અને રાવી નદીની વચ્ચે અમૃતસર છે.

પ્ર० તુંગભદ્રા નદીનું નામ તુંગભદ્રા શા ઊપરથી પડ્યું છે.

ઉ० તુંગા અને ભદ્રા એ બે નદીઓ એકઠી થયાથી એનુ નામ તું-ગભદ્રા નામ પડ્યું છે.

પ્ર० હિંદુસ્તાનમાં જાણુવા જોગ પર્વતો કયા કયા અને કયાં આગળ છે.

ઉ० ૧ હીમાલય પર્વત છેક હિંદુસ્તાનની ઊત્તરે. ૨ વીંધ્યાચળ પર્વત

નર્મદા નદીની ઉત્તરે. ૩ ગીરનાર, સેત્રુંજો, એ કાઠીઆવાડમાં. ૪ સાતપુડો, ખાનદેશની ઉત્તરે તથા નર્મદા ને તાપીની વચ્ચે શીવાલીક પહાડ, મધ્યહિંદુસ્તાનમાં આવેલા પ્રાંતોની ઉત્તરે. ૬ સીંહાદ્રી પર્વત દક્ષિણ મહારાષ્ટ દેશમાં છે. ૭ આબુ એ ગુજરાતની ઉત્તરે.

પ્ર૦ હીમાલય પર્વત કેવો અને તેનું નામ શાથી પડ્યું.

ઉ૦ એ પર્વત આખી પૃથ્વીમાં સૌથી મોટામાં મોટો છે, અને તેના ઉપર હીમ પડેછે તેથી તેનું નામ હીમાલય પર્વત પડયું છે.

પ્ર૦ હીમાલય પર્વત કેટલો ઊંચો ને કેટલો લાંબો છે.

ઉ૦ આશરે ૫ાા માઈલ ઊંચો ૧૫૦૦ માઈલ લાંબો છે.

પ્ર૦ હીમાલય પર્વતમાંથી કઈ કઈ નદીઓ નીકળે છે અને કોને મળે છે.

ઉ૦ સીંધુ, સતલજ, જમનાં, સાંપુ, ગંગા, બ્રહ્મપુત્રા, ને ઈરાવતી. સીંધુ અરબી સમુદ્રને મળે છે. સતલજ નદી સીંધુ નદીને મળે છે. જમનાં નદી ગંગા નદીને મળેછે. સાંપુ નદી બ્રહ્મપુત્રા નદીને મળે છે ને ગંગા, બ્રહ્મપુત્રા, ઈરાવતી, બંગાળા ઉપસાગરને મળે છે.

પ્ર૦ ઈરાવતી નદી કયા દેશમાં વહે છે અને તેના ઉપર કયાં કયાં શેહેરો છે.

ઉ૦ બ્રહ્મદેશમાં વહેછે અને તેના ઉપર અમરપુર ને રંગુન શેહેરો છે.

પ્ર૦ સીંધુ, બ્રહ્મપુત્રા, તથા ગંગાને મળનારી નદીઓનાં નામ લખો.

ઉ૦ સતલજ, બીઆસ, રાવી, ચીનાબ, જેલમ, એ સીંધુ નદીની શાખા. ગોગ્રા, શોણા, ચંબલ, જમના. ગોમતી હુંગલી એ બધી ગંગા નદીની શાખા. સાંપુ, ડીબો, ડીસંગ નીલકમર એ બ્રહ્મપુત્રા નદીની શાખા.

પ્ર૦ સીંધુ, ગંગા, ને બ્રહ્મપુત્રા નદીઓ કયાંથી નીકળે છે,

ઉ૦ એ નદીનાં ઘણી ખરીનાં મુળ હીમાલય પર્વતનાં શીખરે તથા

કાસ્મીર પ્રાંતમાં છે, તેમ કેટલીકનાં મધ્યતરફના પ્રાંતો તથા કેટલીકનાં ટીબેટમાં છે.

પ્ર૦ હીમાલય પર્વતનું ઉંચામાં ઉચું શીખર કયાંછે. તે કહો,

ઉ૦ એનાં શીખરો કૈલાસ, ધવલગીરી, જમનોત્રી, ચમલેરી કંચીજંગ અને નંદ પર્વત છે. કૈલાસ પંજાબની ઉત્તરે. ધવલગીરી નેપાળની ઉત્તરે જમનોત્રી જમનાં નદીના મુળપાસે, ચમલેરી,ભૂતાનની ઉત્તરે. કંચીજંગ સીક્કીમની વાવ્ય દીશા તરફ અને નંદ પર્વત કાસ્મીરમાં છે.

પ્ર૦ વીંધ્યાચળ પર્વતના પેટામાં કયા કયા પર્વત આવેલા છે,

ઉ૦ એના પેટામાં આબુનો પાહાડ ને ગીરનાર પાહાડ છે. આબુ મારવાડમાં શીરોહીની પાસે, અને ગીરનાર કાઠીઆવાડમાં જુનાગઢનીપાસે.

પ્ર૦ સાતપુડા પર્વતમાંથી કઇ કઇ નદીઓ નીકળે છે. અને તે કોને મળે છે.

ઉ૦ નર્મદાને તાપી ખંભાતના અખાતને મળે છે,

પ્ર૦ સાબરમતી, મહી નદી કયાંથી નીકળી કોને મળે છે.

ઉ૦ સાબરમતી નદી મહીકાંઠાના ઉત્તરના પાહાડમાંથી નીકળી ને મહી નદી માળવાના પહાડમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે.

પ્ર૦ સીંહાદ્રી પર્વતમાંથી કઇ કઇ નદીઓ નીકળે છે અને તે બધી કોને મળે છે.

ઉ૦ ગોદાવરી, કૃષ્ણાને, તુંગભદ્રા, ગોદાવરી ને કૃષ્ણા નદી બંગાળાના ઉપસાગરને મળે છે ને તુંગભદ્રા નદી કૃષ્ણા નદીને મળેછે.

પ્ર૦ સીંહાદ્રીના પેટામાં કયા કયા ડુંગરો અને ઊંચી ટેકરીઓ આ-

વેલી છે.

ઉ० એમાં નીલગીરી, મહાબળેશ્વર, પુરંધર, ટોગાર વગેરે સારી હવા લાયક ટેકરીઓ છે.

પ્ર० બંગાળાના ઊપસાગરને કઇ કઇ નદીઓ મળે છે તે કહો?

ઉ० ગંગા, બ્રહ્મપુત્રા, ઇરાવતી. મહા નદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી,

પ્ર० હીંદુ લોકો કઇ કઇ ચાર નદીઓને પવીત્ર ગણે છે.

ઉ० તાપી, રેવા, ગંગા, ને જમના નદીને, તાપી સ્મરણે રેવા નદી દર્શાણે. જમનાં પાને. ગંગા સ્નાને. એટલે તાપી નદીનું સ્મરણ કરવાથી, રેવા નદીનું ફરશણુ કરવાથી ને જમના નદીનું આછમન કરવાથી ને ગંગા નદીમાં નાહાવાથી પાપ નીવારણ થાય છે, પણ તેમાં સૌથી મોટી તાપીને ગણે છે, કેમકે એ નદીનું તો ગમે તો સ્મરણ કરેથી પાપ મુક્તી થાય છે;

પ્ર० હીંદુસ્તાનમાં ચાર જાત્રાનાં ઠેકાણાં કયા છે:

ઉ० ઉત્તરે બદ્રીનાથનું સ્થાનક, પૂર્વે જગન્નાથનું સ્થાનક, દક્ષિણે રામેશ્વરનું સ્થાનક પશ્ચિમે દ્વારકાંનું સ્થાનક છે,

પ્ર० એ સ્થાનકો હીંદુસ્તાનમાં કયે કયે ઠેકાણે અને કયા ઇલાકામાં છે;

ઉ० બદ્રીનાથ આગ્રા ઇલાકાની ઉત્તરે, જગન્નાથપુરી બંગાળા ઇલાકાની દક્ષિણ તરફ દરિઆ કીનારે, રામેશ્વર મદ્રાસ ઇલાકાની દક્ષિણ તરફ દરીઆના નાના બેટમાં છે, અને દ્વારકાં નાથજીનું ગુજરાતમાં કાઠીઆવાડ ભાગમાં છેક પશ્ચિમ હદની અણી ઉપર છે.

પ્ર० ઉપલાં ચાર તીર્થો સીવાય હીંદુસ્તાનમાં જાત્રાનાં બીજાં ઠેકાણાં કયાં કયાં છે

ઉ० બદ્રીનાથને ઈશાન ખુણે કેદારનાથ છે, તેમજ બંગાળા ઈલાકામાં પટણાની દક્ષિણે ગયાજી ત્યાં સરાદ સારેથી પોતાના પી-

તાની મુકતી થાય છે, આગ્રા ઇલાકામાં કાશી, પ્રયાગ, ગોકુળ મથુરાં (વંનદ્રાવન,) હરદ્વાર, એ હીંદુઓનાં મોટાં ક્ષેત્ર છે એ શીવાય મેવાડમાં ઉદેપુરની ઉત્તરે શ્રીનાથજી, તેમજ ગુજરાતમાં અંબાજી, બહુચરાજી, શામળાજી, ડાકોર, ચાનોદકન્યાળી, પાલીતાણા, ગીરનાર, બેટ અને દક્ષિણમાં નાશીકત્રંબક, પંઢરપૂર, એ જાત્રાનાં ઠેકાણાં છે.

પ્ર૦ હીંદુસ્તાનમાં ગુજરાતના પશ્ચિમ તરફના ભાગને શું કહે છે અને તેમાં મુખ્ય શેહેર કયું છે.

ઉ૦ તે ભાગને કાઠીઆવાડ કહેછે તેમાં મુખ્ય શેહેર રાજકોટ આજી નદી ઉપર છે.

પ્ર૦ હીંદુસ્તાનમાં કયા બેટો છે.

ઉ૦ એમાં ફકત મોટામાં મોટો સીંહલદ્વીપ, તે દક્ષીણે છે. તથા નૈરતખુણા તરફ મલબાર કીનારે લક્ષદ્વીપ ને માલદ્વીપ એવા નાના બેટો છે.

પ્ર૦ સીંહલદ્વીપનું બીજું નામ શું અને તેની અસલ રાજધાની શી હતી?

ઉ૦ એનું બીજુ નામ સીલોન અથવા લંકા તે આગળ રાવણની રાજધાની હતી.

પ્ર૦ લંકાબેટ ઈંગ્રેજ સરકારને હાથ કયારે આવ્યો?

ઉ૦ એ બેટ પ્રથમ ડચ લોકો પાસે હતો સન ૧૭૯૬ માં ઇંગ્રેજોએ તેમની પાસેથી લીધો.

પ્ર૦ લંકાં વીશે લોકોની કેહેણી શું ચાલે છે?

ઉ૦ લોકો વખતે વાતોમાં વાત ચલાવે છે કે લંકામાં બહુએ સોનુ છે તે આપણને શું કામનું પણ ભાઇ ત્યાં સોનુ તો નથી. પણ મ્યાવાની તજ બહુ થાય છે તથા એરીપો બંદર આગળ કેટ-

લેક ઠેકાણે મોતી પાકે છે.

પ્ર૦ લંકામાં કઇ કઇ નદીઓ છે?

ઉ૦ એમાં માહાવીલી ગંગા, કાવાની ગંગા અને કાલુ ગંગા.

પ્ર૦ લંકામાં મુખ્ય શેહેર તથા બંદર કયાં કયાં આવ્યાં છે?

ઉ૦ એમાં મુખ્ય શેહેર કાન્ડી છે તથા ત્રીકોમાલી, પાઈંટડીગાલ, કોલંબો, એરીપો એ મોટાં બંદરો છે.

પ્ર૦ બંગાળાના ઉપસાગરમાં કયા કયા બેટ જાણુવા જોગ છે તે કહો?

ઉ૦ એમાં નીકોબાર, આન્દમાન, સીંગાપોર, પીનાંગ વગેરે નાના બેટો છે.

પ્ર૦ પાકની સામુદ્રધુની વચ્ચે તથા મનારના અખાતની વચ્ચે કયો બેટ છે.

ઉ૦ રામેશ્વર તથા મનારનો બેટ છે.

પ્ર૦ હીંદુસ્તાનમાં કયા કયા અખાત છે.

ઉ૦ કચ્છનું અખાત ને ખંભાતનું અખાત પશ્ચિમ તરફ છે અનારનું અખાત દક્ષિણે ને બંગાળાનો ઉપસાગર પુર્વ તરફ છે.

પ્ર૦ હીંદુસ્તાનમાં કઇ કઇ ભૂસીરો છે.

ઉ૦ દક્ષિણે કન્યાકુમારી.

પ્ર૦ હિંદુસ્તાનમાં સામુદ્રધુની કઇ છે.

ઉ૦ પાકની સામુદ્રધુની છે.

પ્ર૦ પાકની સામુદ્રધુની કોને જોડે છે.

ઉ૦ મનારનો અખાત તથા બંગાળાના ઉપસાગરને.

પ્ર૦ કેપ કન્યાકુમારી, સીંહાદ્રી, જગન્નાથ ઓઢીઆ, અને કાશી. પ્રયાગ, અયોધ્યા, સિંધુ અથવા અટક, નર્મદા, ગોગરા, જમના અને વાસ્તે બીજાં નામ શું છે.

ઉ૦ કેપ કન્યાકુમારી ને કેપ કોમોરીન, સિંહાદ્રી ને પશ્ચિમઘાટી ઓઢીઆ ને ઓરીસા જગન્નાથને મુકી ચીકારમ, કાસી, ને બનારસ, પ્રયાગ ને અલ્હાબાદ, એોધ્યા ને આઉદ સીંધુ અથવા અટકને ઇન્ડસ નદી નર્મદા ને રેવા નદી, ગોગ્રા ને સરયુ જમના ને યમુના અને ગંગાને તેને મુળથી થોડે છેડે ભાગીરથી નદી કહે છે.

પ્ર૦ હિંદુસ્તાનમાં કયા કયા દ્વિપકલ્પ છે તે બોલો?

ઉ૦ એમાં એકે દ્વીપકલ્પ જાણવાજોગ નથી પણ હિંદુસ્તાન એજ દ્વીપકલ્પ છે તે બંગાળાના સમુદ્ર તથા અરબી સમુદ્રની વચ્ચે આવેલો છે ને બીજો દ્વીપકલ્પ ગણીએ તો હિંદુસ્તાનમાં ગુજરાતના પેટાનો કાઠીઆવાડ ભાગ છે ને તેની આસપાસ કચ્છનો તથા ખંભાતનો અખાત તથા આરબી સમુદ્રનું પાણી છે.

પ્ર૦ હિંદુસ્તાનમાં રાજગાદીનાં સૌથી મોટાં શેહેર કયાં છે?

ઉ૦ કલકત્તા, મુંબઇ, મદ્રાસ.

પ્ર૦ કલકત્તા નામ શાથી પડયું?

ઉ૦ હાજી, મુસલમાને કડબનો ભારો કાપીને મુકેલો તેને બીજાએ પુછયું કે આ ભારા તમને કીનસે દીન કાટા, ત્યારે તેણે જવાબ દીધો કે એતો (કલકાટા) તે ઉપરથી કલકતા નામ પડયું.

પ્ર૦ હિંદુસ્તાનમાં ફીરંગી લોકનાં થાણાં કયે કયે ઠેકાણે છે?

ઉ૦ દીવ, દમણ, ગોવા.

પ્ર૦ ઉત્તર તથા દક્ષિણ હિંદુસ્તાન શાથી જુદો પડયો છે?

ઉ૦ વિંધાચળ પર્વત તથા નર્મદા નદીથી.

પ્ર૦ હિંદુસ્તાનમાં વેપારનાં મુખ્ય બંદર કયાં?

ઉ૦ કલકત્તા, મદ્રાસ, પાન્દેચેરી, કોલંબો, ત્રીન્કોમાલી, પોઇટડીગાલ,

કોચીન, કેલીકટ, ગોવા, રત્નાગીરી, મુંબઇ, સુરત, ભાવનગર, દીવ, મંગલોર, પોરબંદર, કરાંચી.

પ્ર૦ હિંદુસ્તાનમાં બહાર દેશાવરનો માલ કયા કયા મુલકથી આવે છે?

ઉ૦ એમાં વેપારનો માલ ચીન, સીઆમ, સીંગાપોર અને વિલાયતથી ઘણો આવે છે, ને તેની પેદાશ તો લોકોને બહુ થાયછે.

પ્ર૦ હિંદુસ્તાનમાં રેલવે કંપનીઓ કઈ કઈ આવી છે.

ઉ૦ ઇસ્ટઇન્ડીઆ રેલવે. ઈસ્ટર્નબેંગોલ, ઇસ્ટ જબલપોર, પંજાબ રેલવે, દીલ્લી રેલવે, લાહોર અને રાવળપીંડી, અયોધ્યા ને રોહીલખંડ, મદ્રાસ લાઈન, ગ્રેટ સધર્ન, ઇંડીઆ ગ્રેટઈંડીઅન, પેંનીનસુલા, મુંબાઇ, વડોદરા રેલવે, અને સઉથી ઇસ્ટ રેલવે.

દેશી રાજ્ય.

પ્ર૦ હિંદુસ્તાનમાં મુખ્ય દેશી રાજ્યો કયાં આવેલાં છે!

ઉ૦ ઘણાં ખરાં દેશી રાજયો સરહીંદ, માળવા, રજપુતસ્થાન, બુદેલખંડ અને ગુજરાતમાં છે પણ બધા કરતાં નીજામનું રાજ દક્ષિણમાં સૌથી મોટું છે.

પ્ર૦ હિંદુસ્તાનમાં મુખ્ય દેશી રાજય કયાં ને કયાં આગળ છે?

ઉ૦ મણીપુર—બ્રહ્મદેશ બંગાળાની પુર્વે.

કુશાબહાર—મુલતાનની નૈરૂત્યે.

સીકીમ—નેપાળ તથા મુતાનની વચ્ચે.

ગોવાળીએર—સીંધીઆનુ આગ્રાની દક્ષિણે.

ધોળાપુર—આગ્રાની નૈરૂત્યે.

ભરતપુર—જાટલોકનું, આગ્રાની પશ્ચિમે.

અલવાર—જેપુરની દક્ષિણે.
જેપુર—જોધપુરની પૂર્વે. ને આગ્રાની પશ્ચિમે.
વીકાનેર—જેસલમીરની પુર્વે.
ભાવલપુર—જેસલમેરની ઉત્તરે.
જેસલમીર—મારવાડની ઊત્તરે.
ખૈરપુર—અમીર નવાબનુ જેસલમીરની પશ્ચિમે.
જોધપુર—મારવાડનું, અજમેરની પશ્ચિમે.
કચ્છ—રાણા રાવનું સીંધની દક્ષિણે,
કાઠીઆવાડ—ખંડીઆ રાજાઓનું ગુજરાતની પશ્ચિમ તરફ-નો ભાગ.
વડોદરૂ—ગાયકવાડનુ ગુજરાતમાં વીશ્વામીત્રી ઉપર.
શીરોહી—ગુજરાતની ઉત્તરે ને જોધપુરની દક્ષિણે.
ઉદેપુર—મેવાડના રાણાનું મેવાડમાં બરાસ ઉપર.
બુન્દી—જેપુરની દક્ષિણે ને મેવાડની પૂર્વે.
કોટા—મેવાડની પુર્વે ને બુન્દીની દક્ષિણે.
ઇન્દોર—હોલકરનું માળવામાં ઉજણની દક્ષિણે.
સતારા—પુનાની દક્ષિણે
કોલાપુર—સતારાની દક્ષિણે.
સાવંતવાડી—રત્નાગીરીની દક્ષિણે, કોલાપુરની નૈરૂત્યે.
હૈદ્રાબાદ—નીજામનું મદ્રાસ ઇલાકામાં કૃષ્ણા નદીની ઉત્તરે.
મૈસુર—દક્ષિણમાં મલબારની પુર્વે.
કોચીન—મલબારની દક્ષિણે દરિઆ કિનારે.
ત્રાવણકોર—મદ્રાસ ઇલાકાની દક્ષિણે.

પ્ર૦ ઉપલા રાજયોના મુલકો હિંદુસ્તાનમાં કેવી રીતના છે?

ઉ૦ એ ઇંગ્રેજ સરકારના આશરા તળેમા મુલકો છે.

પ્ર૦ આશરા તળેલા મુલકો કયા તે સમજાવો?

ઉ૦ આશરા તળેલા મુલકો એટલે જે અંગરેજ સરકારને ખંડણી આપતા હોય તે અથવા જેની દેખરેખ ઇંગ્રેજ સરકાર રાખતો હોય અને જે ઈંગ્રેજ સરકારને પુરતુ માન આપતા હોય તે.

પ્ર૦ હિંદુસ્તાનમાં સ્વતંત્ર દેશી રાજ્યો કયાં છે.

ઉ૦ કાસ્મીર, નેપાળ, ભુતાન.

પ્ર૦ સ્વતંત્ર દેશી રાજયો કેવાં તે સમજાવો.

ઉ૦ સ્વતંત્ર દેશી રાજયો એટલે પોતાના રાજ્યનો વહીવટ પોતેજ ચલાવે તે અને જે કોઇના કોઇપણ પ્રકારના તાબામાં નહી તે.

પરચુરણ બાબત.

પ્ર૦ હીંદુસ્તાનમાં હવાની સારી જગાઓ કઇ કઇ છે.

ઉ૦ હીમાલયના ડુંગરા નીચે સતલજ નદીની પાસે સીમલા એ યુરોપિયનોને રેહેવાની સારી જગ્યા છે. તે અહિંઆ હિંદુસ્તાનના ગવરનર જનરલ સાહેબ રહે છે, બીજી એજ પર્વતની નીચવાણે પંજાબમાં જેલમ નદી આગળ મરી અને સીક્કીમની દક્ષિણે દારજીલીંગ એ પણ સારી હવાવાળી જગાઓ છે. એ સિવાય સીહાદ્રી પર્વતની પાસે મહાબળેશ્વરની ટેકરી, નીલગીરી પર્વત અને ડુંગરાની ટેકરી, એ પણ સારી સુખાકારી હવાની જગ્યા છે.

પ્ર૦ કાસ્મીર, સીરોઇ, પાટણ, માંગરોલ, માળવા, બરાનપુર, થાણા પૈઠણ, નાગપોર, મુરસીદાબાદ, ઢાકા, ઓરીસા, ગોવળકાંડા, મછલીપટણ, મલબાર, એ પ્રાંતો તથા શેહેરો ક્યાં છે.

ઉ૦ કાશ્મીર હીંદુસ્તાનની ઉત્તરે સાલને વાસ્તે નામીચું જેલમ નદીપર. શીરોહની ગુજરાતની ઉત્તરે આબુની પાસે તરવાર, પાટણ, ગુજરાતમાં ડીસાની દક્ષિણે પટોળા ને સુડી, માંગરોળ કાઠીઆવાડની દક્ષિણે, સોપારી.
માળવા–ગુજરાતની પુર્વે, અફીણ.
બરાનપુર–ખાનદેશની પૂર્વે તાપી ઉપર સેલ્લારસ,
થાણા–ગુજરાતની છેક દક્ષિણે અબોટીઆં (મુગટા)
પૈઠણ–માહારાષ્ટમાં ગોદાવરીપર પાઘડીઓ.
નાગપોર–વરાડ પ્રાંતમાં ઉમરાવતીની પુર્વે ધોતીઆં.
મુર્સિદાબાદ–ભાગીરથી ઉપર વેપારનાં કારખાનાં.
ઢાકા–બંગાળા ઇલાકામાં ભાગીરથી તથા બ્રહ્મપુત્રા નદીની વચ્ચે, વેપારનાં કારખાનાં.
ઓરીસા–બંગાળા ઇલાકામાં નૈરૂત્ય હીરા,
ગોવળકાંડા–મદ્રાસ ઇલાકામાં દરીઆ કાંઠે, ગોદાવરી તથા કૃષ્ણાના મુખ આગળ મલબાર.
મલબાર–મૈસુરની પશ્ચિમે દરીઆ કાંઠે લાકડાં તથા મરી,

પ્ર૦ શીખ લોકોની, મોગલ લોકોની, સીંધીઆની, મારવાડની, મેવાડની, વિક્રમ રાજાની, હોલકરની ખાનદેશની, વરાડના રાજાની, મહારાષ્ટ તથા પેશ્વાની, તૈલંગણની, નીજામના રાજની, ફીરંગી લોકોની, ઉત્તરે કેનોડાના, તથા ફ્રેંચ લોકોની, રાજધાની કઇ અને કયાં છે.

ઉ૦ શીખ લોકોની રાજધાની અમ્રતસર, પંજાબ ઇલાકામાં બીઆસ ને રાવી નદીની વચ્ચે.
મુગલ લોકની દીલ્હી. પંજાબ ઇલાકામાં જમના નદી ઉપર.

સીંધીઆની કનોજને ગોવાલીઅર, કનોજ, આગ્રાની પુર્વે ને ગોવાલીએર આગ્રાની દક્ષિણે.

મારવાડની જોધપુર—અજમેરની પશ્ચિમે.

મેવાડની ઊદેપુર—શીરોઇની પુર્વે.

વીક્રમરાજાની ઉજન—માળવામાં ક્ષીપ્રા નદી ઉપર.

હોલકરની ઇન્દોર—માળવાંમાં ઉજનની દક્ષિણે.

ખાનદેશની ધુળીઆ—મહારાષ્ટ્રમાં પાંજરા નદી ઉપર.

બીરારની રાજધાની નાગપોર—વરાડમાં ઊમરાવતીની પુર્વે.

મહારાષ્ટ અથવા પેશ્વાની પુના—માહારાષ્ટમાં મૂળામુઠા નદી ઉપર.

તૈલંગણુની વરંગુળ નીજામના રાજ્યમાં હૈદ્રાબાદની ઇશાને નીજામની રાજધાની હૈદ્રાબાદ—મદ્રાસ ઈલાકામાં કૃષ્ણા નદી ઉપર.

ફીરંગી લોકોની ગોવા—મહારાષ્ટ્રમાં સાંવતવાડીની દક્ષિણે,

ઊતર કેનેડાની, હોનાવર—માહારાષ્ટ્રમાં ગોવાની દક્ષિણે.

ફ્રેંન્ચ લોકોની પાન્ડીચેરી—મદ્રાસની દક્ષિણે.

પ્ર० હિંદુસ્તાનનું રાજ ઈસ્ટ ઈંડીઆ કંપની પાસે હતું તે આપણી રાણીસાહેબે કયારે હાથમાં લીધું.

ઉ० તારીખ ૧૯ નવેમ્બર સને ૧૮૫૮. ને રોજ.

પ્ર० હિંદુસ્તાનની લંબાઇ પોહોળાઇ કેટલી છે તે કહો.

ઉ० ઉત્તરે કાશ્મીર પ્રાંતથી દક્ષીણે કેપકન્યાકુમારી સુધી એ દેશની લંબાઇ આશરે ૧૯૪૦ માઇલ ને પશ્ચિમે સિંધથી તે પુર્વે આશામના મુલક સુધી પોહોળાઇ આશરે ૧૮૦૦ માઇલ છે.

પ્ર० હિંદુસ્તાનનું ક્ષેત્રફળ કેટલું અને વસ્તી કેટલી છે તે કહો.

ઉ૦ ક્ષેત્રફળ આશરે ૧૪૦૬૫૦૦૦ ચોરસ માઈલ છે ને વસ્તી લંકાં-
બેટ સાથે આશરે ૧૭ કરોડ ૮૦ લાખની છે.

પ્ર૦ હિંદુસ્તાનની મુખ્ય પેદાશ શી થાય છે,

ઉ૦ ખાંડ, કપાસ, ગળી, રેશમ, હાથીદાંત, અફીણ, સુરોખાર. ચો-
ખા, મીઠું સાલ બનાવવાનું ઉન, હીરા, અને સાગનું લાક-
ડું. વીગેરે તેમાં કાશ્મીરની સાલ, અને ગોવળકાંડા, અને ઓ-
રીસા પ્રાંતના હીરા ઘણા વખાણાય છે.

પ્ર૦ હિંદુસ્તાનમાં મુખ્ય શેહેરો કયાં કયાં આવેલાં છે અને તે ક-
ઈ જગ્યાએ આવેલાં છે.

ઉ૦ અટક—પંજાબમાં સિંધુ ઉપર પેશાવરની પુર્વે.
શ્રીનગર—ગંગાના મુળ પાસે સરાનપુરની ઇશાને.
અયોધ્યા—આગ્રા ઈલાકામાં ગોગ્રા ઉપર.
ઇડર—ગુજરાતમાં પાટણની પુરવે,
ઠઠ્ઠા—સીંધ પ્રાંતમાં સીંધુ નદી ઉપર.
રાંદેર—ગુજરાતના સુરત જીલ્લામાં તાપી નદી ઉપર.
સાવંતવાડી—દક્ષિણ મહારાષ્ટ્રના ગોવાની ઉત્તરે.
ગોવા—દક્ષિણ મહારાષ્ટ્રમાં સાવંતવાડીની દક્ષિણે.
બોરસદ-ખેડા જીલ્લાની દક્ષિણે,
મહુધા—ગુજરાતમાં ખેડા જીલ્લામાં નડીઆદની ઉત્તરે.
થાણા—ગુજરાતમાં સુરત જીલ્લાની દક્ષિણે.
સ્થાનેસ્વર—આગ્રા ઈલાકામાં જમનાની પાસે.
હોનાવર—દક્ષિણ મહારાષ્ટ્રમાં કેનેડાનુ મુખ્ય શેહેર.
ખડા—ગુજરાતમાં વાત્રક, શેઢીના સંગમ ઉપર.
કપડવણજ—ગુજરાતમાં ખેડા જીલ્લાની ઉત્તરે.

શ્રીરામપુર—બંગાળા ઇલાકામાં હુગલી નદીને કાંઠે.
જંબુસર—ગુજરાતમાં ભરૂચ જીલ્લાની ઉત્તરે.
શ્રીરંગપટણ—મદ્રાસ ઇલાકામાં કાવેરી ઉપર.
રાધણપુર—ગુજરાતમાં બનાસ ઉપર.
ઉમરેઠ—ગુજરાતમાં ખેડા જીલાની પુર્વ તરફ.
વીજયનગર—મદ્રાસમાં વીસાગાપટ્ટણની ઉત્તરે.
ઇન્દોર—માળવામાં ઉજાણની દક્ષિણે.
કેલીકટ—મદ્રાસ ઇલાકામાં કાનાનુરની દક્ષિણે.
રાવળપીંડી—પંજાબ ઇલાકામાં અટકને અગ્ની ખુણે.
દીનાપુર—પટણાની પાંસે ભાગીરથીને કાંઠે.
કનોજ—આગ્રા ઇલાકામાં આગ્રાની પુર્વે.
વીરમગામ—ગુજરાતમાં અમદાવાદની પશ્ચિમે.
રાજમેંદ્રી—મદ્રાસ ઇલાકામાં ગોદાવરી ઉપર.
પાલણપુર—ગુજરાતની ઉત્તરે દીસાની પાસે.
ગંતુરકર્ણુળ—મદ્રાસ ઈલાકામાં કૃષ્ણાનદી ઉપર.
નાલુર—મદ્રાસની ઉત્તરે પેનાર ઉપર.
માંગલુર—ગોવાની દક્ષિણે દરિઆ કિનારે.
ટાલીચેરી—કાનાનુરની દક્ષિણે દરિઆ કાંઠે.
પોરબંદર—ગુજરાતમાં કાઠિઆવાડની દક્ષિણે.
પંઢરપુર—મહારાષ્ટમાં ભીમા નદી ઉપર.
બરાનપુર—ખાનદેશની પુર્વે તાપી ઉપર.
કોચીન મદ્રાસ ઈલાકામાં કેલીકટની દક્ષિણે.
ભાવલપુર—પંજાબની દક્ષિણે ધારા નદી ઉપર.
ધોળકા—ગુજરાતમાં અમદાવાદની દક્ષિણે.

ભૂજ—કચ્છ પ્રાંતમાં માંડવીની દક્ષિણે.
નડીઆદ—સૌથી ખેડા જીલ્લામાં મોટામાં મોટુ ગામ.
પાણીપત—પંજાબ ઇલાકામાં દીલ્હીની ઉત્તર.
હૈદરાબાદ—સીંધમાં ખૈરપુરની દક્ષિણે.
નાશીક—માહારાષ્ટમાં ગોદાવરી ઉપર.
ત્રાંકવીબાદ—મદ્રાસ ઇલાકામાં તંજાવરની પુર્વે
બાહાર—પટણાની પુર્વે અગ્ની તરફ.
અજમેર—જોધપુરની પુર્વે.
કડી—ગુજરાતમાં અમદાવાદની વાય્ય તરફ.
મછલીપણ—ગોદાવરી તથા કૃષ્ણાના મુખ પાસે.
શીકારપુર—સીંધુ નદી પાસે ખૈરપુરની દક્ષિણે.
મીરત—દીલ્હીની ઈશાને.
પાન્ડેચેરી—મદ્રાસની દક્ષિણે દરીઆ કાંઠે.
ત્રીંકોમાલી—લંકામાં પુર્વ તરફ દરીઆ કાંઠે.
ત્રીચીનાપલ્લી—મદ્રાસ ઇલાકામાં કવેરી નદી ઊપર.
અકબરાબાદ—બંગાળામાં ભાગીરથીને કાંઠે
જગન્નાથ—બંગાળા ઇલાકામા દક્ષિણે દરિઆ કાંઠે
બેલ્લારી—મદ્રાસ ઈલાકામાં કરણુળની નૈરૂત્યે.
ભરૂચ—ગુજરાતમાં નર્મદા નદી ઉપર.
ચંદ્રનગર—બંગાળા ઇલાકામાં શ્રીરામપોરની ઊત્તરે.
જેસલમીર—ભાવલપુરની દક્ષિણે.
કટક—બંગાળા ઈલાકામાં મહા નદી ઉપર.
જુનાગઢ—કાઠીઆવાડમાં ગીરનારની પાસે.
ગયાજી—બંગાળા ઈલાકામાં પટણાની દક્ષિણે.

લુધીઆણા—સતલજ નદીની પાસે શીમળાની પશ્ચિમે.
ખંભાત—ગુજરાતમાં મહી નદી ઉપર.
ખટમંડુ—સકીમની પશ્ચિમે ગોરકપુરની ઈશાને.
વીકાનેર—ભાવલપૂરની પુર્વે.
મથુરાં—આગ્રા ઈલાકામાં જમના નદી ઉપર.
કોલંબો—લંકામાં નૈરૂત્યે દરીઆ કીનારે.
વેલુર—મદ્રાસ ઈલાકામાં આર્કોટની પશ્ચિમે.
બરદવાન—બંગાળામાં કલકત્તાની વાવ્યે.
આર્કોટ—વેલુરની પુર્વે પાલાર ઉપર.
પેશાવર—પંજાબ ઈલાકામાં અટકની પશ્ચિમે.
કરાંચી—સીંધ પ્રાંતમાં સીંધુ નદી ઉપર.
મહીસુર—મદ્રાસ ઇલાકામાં મલબારની પુરવે.
ઔરંગાબાદ—ગોદાવરી નદી ઉપર પેંડણની ઉત્તરે.
ઝાંસી—બુદેલખંડમાં ગોવાલીએરની દક્ષિણે.
સાજાનપોર—આગ્રા ઇલાકામાં બરેલીની અગ્નીએ.
અલહાબાદ—ગંગા તથા જમના નદીના સંગમપર.
ફરુકાબાદ—કનોજની ઇશાને ગંગાને કાંઠે.
ઢાકા—ભાગીરથી તથા બ્રહ્મપુત્રા નદી વચ્ચે.
પુના—માહારાષ્ટમાં મુળામુઠા નદી ઉપર.
જોધપુર—મારવાડમાં શીરોઈની ઉત્તરે.
તંજાવર—ત્રીચીનાપલ્લીની પુરવે કાવેરીની શાખાપર.
મુલતાન—પંજાબ ઈલાકામાં ચીનાબ ઉપર.
મીરજાપુર—અલ્હાબાદની અગ્નીએ ગંગાને કાંઠે.
તંજુર—મદ્રાસ ઈલાકામાં મધુરાની દક્ષિણે.

સુરત—ગુજરાતમાં તાપી નદી ઉપર.
અમૃતસર–પંજાબમાં બીઆસ ને રાવી નદીની વચ્ચે.
આગ્રા–આગ્રા ઇલાકામાં જમનાં નદી ઉપર.
ભરતપુર—આગ્રાની પશ્ચિમે.
ફૈજાબાદ–લખનોરની પુર્વે.
લાહોર–પંજાબ ઇલાકામાં રાવી નદી ઉપર.
બરેલી—આગ્રાની ,ઇશાને રામગંગાની શાખાપર.
કાનપુર–લખનોરની નૈરૂત્યે ગંગાને કાંઠે.
નાગપુર–ઈલીચપુરની પુર્વે વરાડ પ્રાંતમાં.
અમદાવાદ—ગુજરાતમાં સાબરમતી ઉપર.
વડોદરા-ગુજરાતમાં વીશ્વામીત્રી નદી ઉપર.
દીલ્હી–પંજાબ ઇલાકામાં જમનાં ઉપર.
મુર્સિદાબાદ–બંગાળા ઇલાકામાં ભાગીરથીને કાંઠે.
કાશી—અલ્લાબાદની પુર્વે ગંગાને કાંઠે.
હૈદરાબાદ–મદ્રાસ ઈલાકામાં મુસી નદી ઉપર.
પટણા-બંગાળા ઇલાકામાં ભાગીરથીને કાંઠે.
લખનોર–આગ્રા ઇલાકામાં ગોમતી નદી ઉપર.
કલકત્તા– બંગાળા ઈલાકામાં હુગલી નદી ઉપર.
મદ્રાસ–બંગાળાના ઉપસાગરમાં દરીઆ કાંઠે.
મુંબાઈ–આરબી સમુદ્રમાં કોકણપટીના કીનારા ઉપરના બેટમાં.

પ્ર૦ હીંદુસ્તાનમાં મહારાણી વીકટોરીઆનું રાજ કઈ સાલમાં થયું.

ઉ૦ ઈ૦ સ૦ ૧૮૫૭ માં બળવો થયો ત્યાર પછી મહારાણી વીકટોરીઆએ ઈ૦ સ૦ ૧૮૫૮ ની સાલમાં હિંદુસ્તાનનું રાજ લીધું.

જાહેર ખબર.

સર્વે સ્કુલ માસ્તરો તથા સ્કોલરોને ખબર આપવામાં આવે છેકે અમારે ત્યાં સ્કુલ ઉપયોગી ગવર્નમેંટ સેંટ્રલ બુકડીપોએ પાસ કરેલી સઘળી જાતની ઇંગ્રેજી તથા ગુજરાતી ચોપડીઓ મળશે ગુજરાતી બુકો ઉપર સેંકડે દસ ટકા કમીશન મળશે ટપાલ ખર્ચ બુકો ખરીદનારને માથે પડશે તથા અમારા તરફથી છપાવેલા હિંદના ઈતીહાસ પ્રશ્નોતર કીંમત ૦-૫-૬ તથા ભૂતળ પ્રશ્નોતર ૦-૨-૦ તથા ગણીતનાં કારણ કીમત ૦-૩-૦ તથા ગણીતના દાખલા સહીત કારણ ૦-૬-૦ તથા ભૂગોળનો ટુંક-હેવાલ ૦-૦-૪ તથા હિંદુસ્તાનની ભૂગોળ ૦-૧-૬ એ સિવા-યની ખરી જાતની અમારા તરફથી છપાવેલી બુકો અમારે ત્યાંથી તથા નીચે લખેલી જગાએથી રોકડી કીમતે મળશે એ શીવાય કાયદાઓ તથા પરચુરણ વાંચવાની ઘણી જાતની રસીક ચોપડીઓ છે. જે જાતની ચોપડીઓ મંગાવવી હોય તેમણે ટપાલ મારફતે પત્રથી ખુલાસો કરવો અમારા તરફથી છપાવેલી બુકો વીશ ઉપરાંત નકલોનું કમીશન ૨૫ ટકા મળશે અને વીશની અંદર મંગાવનારને દસ ટકા મળશે પોષ્ટેજ વીશ ઉપરાંત રાખનારને અમો આપીશું.

નડીઆદ—સ્વામીનારાયણનામંદીર આગળ દુકાનેથી અગર રૂગનાથજી પોળમાં ચોકશી. નારણ હીરાચંદ બુકસેલર પાસેથી

અમદાવાદ—કાળુપરમાં ટંકશાળ સામી ખજુરીની પોળમાં શેઠ. જગાભાઇ કાહાંનદાસને ઘેર હીમતલાલ વ્રિજવલવદાસ પાસેથી તથા ધનાસુતારની પોળમાં ગુદીની પોળમાં શા. શંકર વલવદાસ પાસેથી

ડાકોર— બુકસેલર ત્રીભોવન રણછોડ પાસેથી

મુંબાઈ— શ્રી. જમનાંદાસ ભગવાનદાસના કંપની ભુલેશ્વરરોડ

નાહાપા— શેઠ. કેશવલાલ ગરબડદાસ પાસેથી

બુકસેલર. નારણ હીરાચંદ ચોકશી. નડીઆદ.